## વ્યારામાં વિવાદી બાંધકામો મુદ્દે 30મીએ સુનાવણી થશે

**સ્પોર્ટ્સ** અને શોપિંગ કોમ્પ્લેક્સ સહિતનાં બાંધકામ મુદ્દે ફરિયાદ થઈ હતી

**પ્રાદેશિક** કમિશનરની કોર્ટમાં સુનાવણી હાથ ધરાશે

**જવાબદાર** અધિકારીઓ સહિત પાલિકાના હોદ્દેદારોમાં ફફડાટ


વ્યારાઃ વ્યારાના સ્થાનિક અરજદાર દ્વારા ગત તા.10-5-2025ના રોજ વ્યારામાં આંબેડકરના પૂતળા પાસે ગાર્ડન ડેવલોપમેન્ટ વિથ ટોઈલેટ વિથ હોકર્સ ઝોન બનાવવાના કામ, વ્યારા નગરના જલવાટિકામાં શોપિંગ કોમ્પ્લેક્સ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના બાંધકામ બાબતે તેમજ તા.2-7-2025ના રોજ વ્યારા જૂના બસ સ્ટેશનના રિનોવેશનના કામને લઈ ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-70 અન્વયે વસૂલાત કરવા બાબતે વ્યારા નગરપાલિકાના હાલના અને તાત્કાલીન ચીફ ઓફિસર સહિત વર્ષ-2020 દરમિયાન વ્યારા પાલિકાના 3 અરજીના ઠરાવોમાં હામી ભરેલ સહિતના સભ્યો સામે અરજદાર અનિમેષ દેસાઈ દ્વારા પ્રાદેશિક કમિશનરને લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. જે અંગેની સુનાવણી આગામી તા.30-12-2025ના રોજ પ્રાદેશિક કમિશનર સુરતની કોર્ટમાં હાથ ધરવામાં આવશે. જે અંગે તા.5-12-2025ના રોજ સંબંધીતોને પત્ર મારફતે જાણ કરવામાં આવી છે. ત્યારે વ્યારા નગરમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને શોપિંગ કોમ્પ્લેક્સ સહિતના બાંધકામ મુદ્દે કસૂરવારો સામે શું પગલાં લેવામાં આવે છે તેના પર સૌની નજર બની રહેશે.

## અંકલેશ્વરથી બુરહાનપુર હાઈવે જમીન સંપાદનનો માર્ગ મોકળો

**ગુજરાત** સહિત ત્રણ રાજ્યને કનેક્ટિવિટી મળશે

ભરૂચઃ જમીન સંપાદનના કઠિત અવરોધણે ઘણાં વર્ષો સુધી અટકી પડ્યા બાદ અંકલેશ્વર-બુરહાનપુર રાષ્ટ્રીય ધોરી માર્ગ (NH-753B)ના ચાર માર્ગીય પ્રોજેક્ટને હવે વેગ મળ્યો છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશને જોડતો અંકલેશ્વર-બુરહાનપુર રોડ છે. આ રોડ બાબતે ખેડૂતો અને સ્થાનિક રહેવાસીઓએ ઉઠાવેલા મુખ્ય વાંધાઓ માટે સતત વાતચીત દ્વારા ઉકેલ આવતાં આ પ્રક્રિયાએ ગતિ પકડી છે. જેનાથી લાંબા સમયથી પડતર હાઈવે પ્રોજેક્ટના ઝડપી અમલનો માર્ગ મોકળો થયો છે.

અંકલેશ્વર-બુરહાનપુર હાઈવે ગુજરાતમાંથી અંકલેશ્વર, વાલિયા, નેત્રંગ, ડેડિયાપાડા અને સાગબારામાંથી




પસાર થાય છે. ત્યારબાદ મહારાષ્ટ્રમાં એન્ટ્રી થાય છે. મહારાષ્ટ્રમાંથી નંદુરબારના તલોદા અને શહાદા તાલુકા, ધુળે જિલ્લાના શિરપુર અને જલગાંવ જિલ્લાના ચોપડા, યાવલ અને રાવેર તાલુકામાંથી પસાર થાય છે. અંતે મધ્યપ્રદેશના બુરહાનપુર જિલ્લામાં પહોંચે છે. ખાસ કરીને જમીન માલિકોના વિરોધને કારણે આ પ્રોજેક્ટ લાંબા સમય સુધી અટકી પડ્યો હતો. અગાઉ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ ગુજરાતનાં 7 ગામ, તલોદા તાલુકાનાં 10 ગામ, શાહાદાનાં 28, શિરપુરનાં 40, ચોપડાનાં 24, યાવલનાં 23, રાવેરનાં 23 અને મધ્યપ્રદેશના બુરહાનપુર જિલ્લાનાં 3 ગામને આવરી લેતી જમીન સંપાદન સૂચનાઓ આપી હતી. વાંધાઓ દૂર થયા બાદ અધિકારીઓએ સંપાદન પ્રક્રિયા ઝડપી બનાવી છે. કાર્યવાહી ઝડપી બનાવવા માટે સહાયક કલેક્ટરો અને સબ-ડિવિઝનલ અધિકારીઓને સક્ષમ અધિકારીઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હાઈવેને ચારમાર્ગીય બનાવવા માટે જમીન સંપાદન અધિનિયમ, 2013ની કલમ 3(a) હેઠળ એક સૂચના આપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સૂચિત જમીન પર નવા બાંધકામ પ્રવૃત્તિઓ, વૃક્ષ કાપવા અને માલિકી હસ્તાંતરણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જમીન માલિકોને આગામી આદેશો સુધી સાવચેતી રાખવા અને પ્રતિબંધોનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે.

## બોડકા નજીક ટ્રકનું ટાયર ફાટતાં બસ સાથે અકસ્માત

**એસ.ટી.** બસના મુસાફરોને ઇજા થતાં હોસ્પિટલ ખસેડાયા



આમોદઃ આમોદના બોડકા ગામ પાસે બુધવારે સવારે ટ્રક અને એસ.ટી. બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જો કે, અકસ્માતમાં નજીવી એસ.ટી. બસના મુસાફરોને નજીવી ઈજાઓ થઈ હતી. જેમને આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. આમોદ પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આમોદના બોડકા ગામ પાસે બુધવારે સવારે ટ્રકનું ટાયર ફાટતાં જ ટ્રક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. જેથી ટ્રક સામેથી આવી રહેલી બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતને પગલે હાઈવે પર મુસાફરોની ચિચિયારીઓ ગૂંજી ઊઠી હતી અને અફરાતફરી મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતા જ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યા હતા. જ્યાં તબીબ દ્વારા ઈજાગ્રસ્તોને સારવાર આપવામાં આવી હતી. અકસ્માતની જાણ થતા નજીકમાં જ રહેતા સ્થાનિક ધારાસભ્ય ડી.કે.સ્વામી પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. આમોદ પોલીસે પણ ઘટના સ્થળે પહોંચી ટ્રાફિક હળવો કરાવ્યો હતો અને અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## અંકલેશ્વરમાં સાયબર ફ્રોડનાં નાણાં ગેરવલ્લે કરતાં એકની અટકાયત

**ઓપરેશન** મ્યુલ હન્ટ અંતર્ગત અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસની કાર્યવાહી



અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસે ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત સાયબર ફ્રોડના એક ગંભીર કેસમાં કાર્યવાહી કરી છે, જેમાં ચીટિંગના રૂ.9.50 લાખ મ્યુલ એકાઉન્ટ મારફતે હેરાફેરી કરવાના ગુનામાં એક આરોપીની અટકાયત કરવામાં આવી છે.

કેસ મુજબ શમશેર ઉર્ફે છોટુ મુમતાઝ અલીએ ચીટિંગની રકમ જમા કરાવવા માટે પોતાના મિત્ર સિદ્દીક ઉર્ફે એજન્ટ ઉમર બેલીમનું યસ બેંક, અંકલેશ્વર શાખાનું ખાતું ઉપયોગમાં લીધું હતું. તા.28/8/2024ના રોજ જુદાં જુદાં ટ્રાન્ઝેક્શન દ્વારા રૂ.9.50,000 જમા કરાવવામાં આવ્યા હતા. ખાતાધારકને રૂ.30000 કમિશન આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પછી આ રકમમાંથી રૂ.3 લાખ આર.ટી.જી.એસ. મારફતે ત્રીજા આરોપી મોહંમદ નાઝીરભાઈ (રહે.,ઉધના, સુરત)ના ખાતામાં ટ્રાન્સફર કરાયા હતા. જ્યારે બાકીની રકમ અંગત ખર્ચ અને લોન ચૂકવણીમાં વપરાઈ હતી. આ રકમ સંબંધિત ફરિયાદ એનસીસીઆરપી પોર્ટલ પર બેંગ્લુરુના હેબ્બાગોડી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. અંકલેશ્વર શહેર પોલીસે અંકલેશ્વરના જીતાલી ગામથી સિદ્દીક ઉર્ફે એજન્ટ બેલીમની અટકાયત કરી છે.

## આમોદમાં ટ્રકે ટક્કર મારતાં બાઈક ચાલક ફંગોળાયો

આમોદઃ આમોદની શમા ચોકડી પાસે બુધવારે સવારે બાઈક ચાલક યુવકને અકસ્માત નડ્યો હતો. બનાવની વિગત એવી છે કે બાઈક ચાલક યુવક જંબુસરથી આમોદ તરફ જઈ રહ્યો હતો. ત્યારે આમોદથી કરજણ તરફ જઈ રહેલી એક ટ્રકની પાછળનો ભાગ બાઈક સાથે જોરદાર રીતે અથડાયો હતો. આ ટક્કરને કારણે બાઈક ચાલકે સંતુલન ગુમાવી દેતાં રોડ પર પટકાયો હતો. જેના કારણે તેને શરીરે નાની-મોટી ઈજા થઈ હતી.

અકસ્માતને પગલે આસપાસના લોકો અને વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. સ્થાનિકો



દ્વારા તાત્કાલિક એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતાં એમ્બ્યુલન્સની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત યુવકને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

સદનસીબે આ અકસ્માતમાં જાનહાનિ ટળી હતી. પરંતુ હાઈવે પર થોડો સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

## રાજપીપળામાં સિંચાઈ યોજનાનો ક્લાર્ક લાંચ લેતા રંગેહાથ ઝબ્બે

**નિવૃત્ત** કર્મચારી પાસે પેન્શન મંજૂર કરાવવા રૂ.4500ની લાંચ લેતાં એસીબીની કાર્યવાહી

રાજપીપળાઃ રાજપીપળા કરજણ સિંચાઈ યોજનાનો રોજમદાર ક્લાર્ક એક નિવૃત્ત કર્મચારીના પેન્શન મંજૂરી મામલે રૂ.4500ની લાંચ લેતાં એસીબીના છટકામાં સપડાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ કરજણ સિંચાઈ યોજનામાં ફરજ બજાવી 30 સપ્ટે. 25ના રોજ નિવૃત્ત થયેલા કર્મચારી પેન્શન મંજૂર કરવા કચેરીના ધક્કા ખાતા હતા. ત્યારે કરજણ જળાશય સિંચાઈ યોજનામાં રોજમદાર તરીકે ફરજ બજાવતા મહેશ ખોડાભાઈ વસાવાએ આ નિવૃત્ત કર્મચારી પાસે સર્વિસ બુક એન્ટ્રી પાડવા ગાંધીનગર મોકલી છે. આ બાબતે ગાંધીનગરના સાહેબને 4500 રૂપિયાનો વ્યવહાર કરવો પડશે કહી નિવૃત્ત કર્મચારી પાસે લાંચ માંગી હતી. જે લાંચની રકમ ફરિયાદી આપવા માંગતા ના હોવાથી ફરિયાદીએ એ.સી.બી. નર્મદાનો સંપર્ક કરી ફરિયાદ આપતાં નર્મદા ACB પોલીસ ઇન્સ્પેક્ટર ડી.ડી.વસાવા સાથે નર્મદાની ટીમે વડોદરા ઇનચાર્જ મદદનીશ નિયામક બી.એમ. પટેલના સુપર વિઝન હેઠળ લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ લાંચના છટકા દરમિયાન રાજપીપળા સંતોષ ચોકડી પાસે મહેશ વસાવાએ ફરિયાદી સાથે રૂબરૂમાં હેતુલક્ષી વાતચીત કરી લાંચ પેટે રૂ.4500 લાંચની રકમ સ્વીકારી તથા લાંચના છટકા દરમિયાન ગાંધીનગર ખાતે પેન્શન વિભાગના પેન્શન એન્ડ પ્રોવિડન્ડ ફંડ નિયામક કચેરીના અધિકારી મુકેશ આર.પટેલે લાંચની સ્વીકૃતિ આપી બંને આરોપીએ એકબીજાની મદદગારી કરી સ્થળ ઉપર પકડાઈ જઈ ગુનો કર્યો હોવાથી એસીબીએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



વિનોદ વસાવા

## GSPL જમીન સંપાદન મુદ્દે ઝઘડિયાના ખેડૂતોનો વિરોધ

**રાજપારડી** ગ્રામ પંચાયત ખાતે મળેલી બેઠકમાં જમીન આપવા ઇનકાર કર્યો

ઝઘડિયા, ભરૂચઃ ઝઘડિયાની રાજપારડી ગ્રામ પંચાયત ખાતે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ-ગાંધીનગર દ્વારા કઠિત જમીન સંપાદન માટે અવિધા, સારસા અને રાજપારડીના ખેડૂતોએ બેઠક કરી હતી, જેમાં ખેડૂતોએ જમીન ન આપવાનો નિર્ણય કર્યો છે.

GSPL ગાંધીનગર દ્વારા જમીન સંપાદન કરી ગેસની પાઈપ લાઈન નાંખનાર હોવાને લઈને રાજપારડી ગ્રામ પંચાયત ખાતે અસરગ્રસ્ત ખેડૂતોએ ભેગા થઈ બેઠક રાખી હતી. આ બેઠકમાં હાજર રહેલા કર્મચારીઓ સામે ખેડૂતોએ પોતાના મત સાથે વિરોધ નોંધાવ્યો હતો. અસરગ્રસ્ત ખેડૂત અશ્વિન પટેલે જણાવ્યું હતું કે, જમીન સંપાદન માટે ખેડૂતોની મંજૂરી લેવા માટે આવ્યા હતા. પરંતુ દરેક ખેડૂત પોતાની જમીન સંપાદન કરવા અને આપવા માટે તૈયાર નથી અને જો ભવિષ્યમાં આ લોકો અહીં ગેરકાયદે પ્રવેશ કરશે તો ફરિયાદ કરવાની ચીમકી ઉચ્ચારી દીધી છે અને જો જરૂર પડશે તો આંદોલન કરવાની ચીમકી આપી છે.

## કામરેજથી તાંબા અને પિત્તળના ભંગારની હેરાફેરી , ત્રણ પકડાયા

**સુરત** જિલ્લા એલસીબી અને પેરોલ ફર્લોની કાર્યવાહી

પલસાણાઃ કામરેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આધાર પુરાવા વગર તાંબા પિત્તળના સ્ક્રેપના જથ્થા સાથે ત્રણ ઇસમને સુરત જિલ્લા એલસીબી અને પેરોલ ફર્લોની ટીમે ઝડપી પાડ્યા હતા.

સુરત જિલ્લા એલસીબીની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, એક મારુતિ સુઝુકી સુપર કેરી ટેમ્પો નં.(જીજે 5 સીડબ્લ્યૂ 9266) અને હુંડાઈ વેન્યુ કાર નં.(જીજે 27 સીએમ 5933)માં બિલ વગરનો તાંબા તથા પિત્તળનો સ્ક્રેપ ગુણીમાં ભરી અંકલેશ્વર તરફથી આવી રહ્યો છે અને રાજ હોટલથી સુરત શહેરમાં જનાર છે. જે ચોક્કસ બાતમીના આધારે પોલીસે કામરેજ ટોલનાકા નજીકથી ટેમ્પો અને કાર સાથે ત્રણ ઇસમ અશ્વિન લાલજીભાઈ ખાતરા (રહે.,સુમન સહકાર સોસાયટી, મોટા વરાછા, અબ્રામા રોડ, સુરત, મૂળ રહે., ડેરડી, તા.ગોંડલ, જિ.રાજકોટ), સાગર અશોકભાઇ લિંબાણી (રહે., ઠાકોરદ્વાર સોસાયટી, વ્રજ ચોક, સરથાણા, સુરત, મૂળ રહે., મોટા પંચદેવડા, તા.કાલાવડ, જિ.જામનગર) અને મહેશભાઈ બાવજીભાઈ ભંડેરી (રહે., ક્રિષ્ના રેસિડેન્સી, ખોલવડ, તા.કામરેજ, મૂળ રહે.,ભાદરા, તા.જોડિયા, જિ.જામનગર)ને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, તેઓ સરથાણા જકાતનાકા નવજીવન હોટલની સામે તાંબા અને પિત્તળના ભંગાર સ્ક્રેપનું ગોડાઉન ધરાવે છે અને અલગ અલગ જગ્યાએથી તાંબા અને પિત્તળનો સ્ક્રેપ ખરીદી લાવી ગોડાઉન પર ભેગો કરે છે અને કમિશન પર વેચાણથી આપી દે છે. પકડાયેલો જથ્થો અંસાર માર્કેટ અંકલેશ્વરથી ભંગારનો ધંધો કરતાં મોહમ્મદ ચાચા (રહે.,અંકલેશ્વર) પાસેથી ખરીદી લાવ્યા છે અને ટેમ્પો ભાડે કરી અંકલેશ્વરથી 680 કિલોગ્રામ તાંબા અને 420 કિલો પિત્તળનો સ્ક્રેપ બિલ વગર ખરીદી કર્યો હતો અને તે ગોડાઉન પર લઈ જવાના હતા. પોલીસે તેમની પાસેથી તાંબા અને પિત્તળ સ્ક્રેપ, રોકડા રૂ.2200, ત્રણ મોબાઇલ ફોન કિં.રૂ.20 હજાર, ટેમ્પો કિં. રૂ.4 લાખ, કાર કિં.રૂ.5 લાખ મળી કુલ 17,93,600 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## રોરો ફેરી જેટીને લંગારવા પર આખરે મંજૂરીની મહોર

**નર્મદા** પરિક્રમાવાસીઓને પડતી હાલાકીના અહેવાલથી તંત્ર દોડતું થયું

ભરૂચઃ દહેજમાં નર્મદા નદીને પાર કરવામાં પરિક્રમાવાસીઓને પડતી મુશ્કેલીનો સામનો અંગે અખબારી અહેવાલ મુદ્દે તંત્ર દોડતું થઇ ગયું છે. તંત્રએ પરિક્રમાવાસીઓની બોટને રોરો ફેરીની જેટી પર લંગારવાની મંજૂરી આપી દેતાં હવે રાહત થવાનું જાણવા મળ્યું છે.

દહેજ ખાતે નર્મદા નદી પાર કરવા માટે પરિક્રમાવાસીઓ માટે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. સમુદ્રમાં ઓટના સમયે બોટ કિનારા સુધી પહોંચી ન શકતાં પરિક્રમાવાસીઓને જીવના જોખમે બોટમાંથી પાટિયા



ઉપરથી ચાલી કિનારે પહોંચવું પડી રહ્યું હતું. જે વિડીયો વાયરલ થતાં અને અખબારમાં અહેવાલ આવતાં તંત્ર હરકતમાં આવી ગયું છે. આ ઘટનાને લઈ તાલુકા મામલતદાર અને પોલીસ અધિકારીઓએ સ્થળ પર જઈ પરિસ્થિતિની તપાસ કરી હતી. તંત્ર દ્વારા તાત્કાલિક પગલારૂપે રોરો ફેરીની જેટી પર પરિક્રમાવાસીઓની બોટ લંગારવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે, જેના કારણે જોખમમાં આંશિક ઘટાડો થયો હોવાનું જાણવા મળી રહ્યું છે. જેટી પર રેલિંગવાળો સુરક્ષિત રેમ્પ ન હોવાના કારણે હજુ પણ પરિક્રમાવાસીઓને બોટમાંથી પાટિયા પર ચાલી કિનારે ઊતરવું પડી રહ્યું છે, જે જોખમભર્યું સાબિત થઈ શકે છે. આ સમગ્ર ઘટનાને લઈ હજુ સુધી તંત્ર તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. સ્થાનિક લોકો અને પરિક્રમાવાસીઓ દ્વારા વહેલી તકે કાયમી અને સુરક્ષિત વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.

## ઔદ્યોગિક દોડમાં આગળ અંકલેશ્વર ટ્રાફિકથી હાંફી ગયું!

**પિક** અવર્સમાં સર્જાતો ટ્રાફિક લોકો માટે યાતનાનું કારણ બન્યો

અંકલેશ્વરઃ ઔદ્યોગિક વિકાસની દોડમાં અંકલેશ્વર આગળ વધી રહ્યું છે, પરંતુ એ જ વિકાસ આજે શહેરના નાગરિકો માટે દૈનિક યાતનાનું કારણ બની રહ્યો છે. પિક અવર્સ દરમિયાન સર્જાતો ટ્રાફિક જામ હવે માત્ર અસુવિધા નહીં, પરંતુ શહેરી જીવન માટે ગંભીર સંકટ બની ગયો છે.

સવારથી સાંજ સુધી હજારો ભારદારી વાહનો શહેરના મુખ્ય માર્ગો પર બેફામ દોડે છે. ખાસ કરીને સવારના ઓફિસ ટાઈમ અને સાંજના પરત ફરવાના સમયે જ્યારે નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓ અને દર્દીઓ રસ્તા પર હોય છે, ત્યારે ટ્રકોનો શહેરી પ્રવેશ ટ્રાફિકને સંપૂર્ણપણે ઠપ્પ કરી દે છે.

પ્રશ્ન એ છે કે આ અવ્યવસ્થાનો જવાબદાર કોણ?

અન્ય મોટાં શહેરોમાં વર્ષોથી 'નો-એન્ટ્રી'નો કડક અમલ થાય છે, તો



પ્રવીણ તેરૈયા

પછી અંકલેશ્વર કેમ અપવાદ? શું અહીં નિયમો નથી કે પછી નિયમો હોવા છતાં આંખ મીંચી લેવામાં આવે છે? ટ્રાફિક જામમાં ફસાઈને જ્યારે એમ્બ્યુલન્સ સમયસર હોસ્પિટલ ન પહોંચી શકે, ત્યારે આ વ્યવસ્થા પર સવાલ ઊભા થવા સ્વાભાવિક છે.

નગરપાલિકા, ટ્રાફિક પોલીસ અને વહીવટી તંત્ર વચ્ચે સંકલનનો અભાવ સ્પષ્ટ દેખાય છે. નિયમો બનાવવાથી વધુ મહત્ત્વનું છે તેનો અમલ. જો ભારદારી વાહનો માટે સમય નિયંત્રણ, વૈકલ્પિક માર્ગો અને દંડાત્મક કાર્યવાહી તરત અમલમાં નહીં આવે, તો ટ્રાફિક સમસ્યા વધુ વિકરાળ સ્વરૂપ લેશે.

શહેરનો વિકાસ માત્ર ઉદ્યોગોથી મપાતો નથી, પરંતુ નાગરિકોને મળતી સુવિધાઓથી મપાય છે. આજે અંકલેશ્વરનો નાગરિક એક જ પ્રશ્ન પૂછે છે,વહીવટી તંત્ર ક્યારે જાગશે? જો હજુ પણ વિલંબ થશે, તો ટ્રાફિકનો આ ટ્રેપ અંકલેશ્વરની ગતિ અટકાવી દેશે.

## ભડકોદ્રાના સર્જન ટાવર બિલ્ડિંગમાં વીજ કનેક્શન કપાયું

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ભડકોદ્રા પંચાયત વિસ્તારની સર્જન ટાવર બિલ્ડિંગમાં વીજ કનેક્શન કાપવામાં આવતાં લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વરના ભડકોદ્રા પંચાયતની હદમાં આવેલી સર્જન ટાવર બિલ્ડિંગમાં નિયમિત મેઈન્ટેનન્સ ચૂકવવા છતાં મૂળભૂત સુવિધાઓ ન મળતાં ફ્લેટ ધારકોમાં ભારે રોષ ફેલાયો છે. આઠ માળના ત્રણ બિલ્ડિંગમાં રહેતા અનેક ફ્લેટ ધારકો દર મહિને રૂ.700 મેઈન્ટેનન્સ તરીકે રેમેજિંગ બિલ્ડિંગ ગ્રુપને ચૂકવે છે. છતાં પણ બિલ્ડિંગ મેનેજમેન્ટ દ્વારા છેલ્લા છથી સાત મહિનાથી વીજ કંપનીમાં કોમન વીજ બિલ ભરવામાં ન આવતાં વિજ કનેક્શન કપાઈ ગયું હતું. પરિણામે ફ્લેટ ધારકોને પાણી, લિફ્ટ તથા લાઈટ જેવી મૂળભૂત સુવિધાઓ વિના રહેવાની ફરજ પડી છે. આ પરિસ્થિતિથી કંટાળીને ગત રાત્રે ફ્લેટ ધારકો દ્વારા ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમણે તાત્કાલિક કોમન વીજ કનેકશન ફરી શરૂ કરાવવા તથા જવાબદાર સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી હતી.

## જૂના પુનગામમાં સરપંચના પિતાએ શ્રમિકનું ઘર તોડી પાડ્યું

**ઘર** તોડતી વખતે સરપંચ અને તલાટી પણ હાજર ન હોવાથી શંકા

અંકલેશ્વર, ભરૂચઃ જૂના પુનગામમાં સરપંચનાં પિતાએ એક શ્રમિક પરિવારનું ઘર તોડી નાંખતાં વિવાદ ઊભો થયો છે. આ ઘટનામાં ભોગ બનનાર પરિવાર ઘરવિહોણો બની ગયો છે.

જૂના પુનગામમાં પીડિત પરિવાર છેલ્લાં 15 વર્ષથી રહે છે. ગત તા.21મી ફેબ્રુઆરી-2025ના રોજ પંચાયત દ્વારા સરકારી જમીનમાં બિન અધિકૃત જગ્યાએ મકાન બાંધકામ કરતા નોટિસ ફટકારી હતી, જેમાં સાત દિવસમાં પુરાવા રજૂ કરવામાં ન આવે તો સરકારી ધારાધોરણ હેઠળ કાર્યવાહી કરાશે.

નોટિસ બાદ પંચાયતમાં ભરેલા વેરા સહિતના પુરાવાઓ પંચાયતમાં રજૂ કર્યા હતા. નોટિસ બાદ મકાન માલિકે પુરાવા આપ્યા બાદ પણ ગામના સરપંચના પિતા ઈશ્વરભાઈ વસાવાએ ઘર તોડી પાડ્યું હતું. આ ઘર તોડી પાડવાની જાણ સુધ્ધા પીડિત



પ્રવીણ તેરૈયા

### પંચાયતનાં ધારાધોરણ હેઠળ કાર્યવાહી કરી છેઃ સરપંચના પિતા ઈશ્વર વસાવા

સરપંચના પિતા ઈશ્વરભાઈ વસાવાએ કહ્યું હતું કે, ગ્રામજનોની ફરિયાદ હતી કે પીડિત પરિવાર તેની બાળકીને ભીખ માંગવા મોકલે છે અને હવે ખોટી પોલીસ ફરિયાદ કરે છે. ખોટી રીતે ધમકી પણ આપી રહ્યા છે. પંચાયતે બિન અધિકૃત બાંધકામ માટે નોટિસ આપી હતી. પંચાયત ધારા 105 હેઠળ અમે દબાણ દૂર કરાવ્યું છે. લોકોની ફરિયાદના આધારે જ કાર્યવાહી કરાઈ છે.

પરિવારને ન કરતાં ઘરવિહોણો બની ગયો છે. ઘર તોડતી વખતે સરપંચ અને તલાટી પણ હાજર ન હોવાથી શંકા ઉપજી રહી છે. પીડિત પરિવાર મકાન બાબતે TDOને રજૂઆત કરનાર છે અને અંકલેશ્વર રૂરલ પોલીસમાં સરપંચ પરિવાર સામે ફરિયાદ કરી છે.

## અંકલેશ્વરમાં રક્તદાન શિબિર યોજાઈ

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસીમાં નીલકંઠ ઓર્ગેનિક કંપનીમાં રક્તદાન શિબિર યોજાયો હતો. અંકલેશ્વર લાયન્સ ક્લબ તથા નીલકંઠ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રિઝ દ્વારા કુમારપાળ બ્લડ બેંકના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માનવસેવાના કાર્યમાં આશરે 100 જેટલું યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. રક્તદાન શિબિરમાં 100 રક્તદાતાએ સ્વેચ્છાએ રક્તદાન કર્યું હતું.


Milano MULTIPLEX
બારડોલી
Kis Kisko pyaar karoon 2
11:50pm, 06:45pm, 10:00pm
Akhanda 2 : 02:00pm
Dhurandhar
10:00am, 01:00pm,
02:45pm, 06:00pm,
09:00pm, 09:30pm
Laalo-krishna Sada
Sahayate- Gujarati
10:30am, 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333